सत्यमेव जयते

ક્રીમીનલ કેસ નં.            /૨૦૨૩

<u>આંક-૧ (ચાર્જશીટ) લગત હુકમ .</u>

(૧) ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે ધી પ્રોહીબીશન એકટ કલમ-૬૬(૧)બી મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરુધ્ધ તહોમતનામું ઘડી અને ત્યારબાદ તે અનુસંધાને આરોપીનો જવાબ (પ્લી) લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે તેમજ ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદારીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુન્હા કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ **નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૪** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીએ ગુન્હાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વેચ્છાપૂર્વક અને કોઈપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઉપરોકત બન્ને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતા તથા કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદામાં જણાવેલી સજાકરતા ઓછી સજકરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તવું આઅદાલતનું નમ્રપણ માનવું છે. જેથી, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો લશ્ક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મંજબ હુકમ કરવામાં આવે છે.

|| **હુકમ** ||

આ કામનાઆરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતનાની કલમ-૨૪૮(૨) અન્વયે ધી પ્રોહી. એકટ કલમ-૬૬(૧)બી મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને ગુન્હાના ભંગ બદલ **રુપિયા ૧૦૦/- (અંકે રુપિયા એકસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ મન ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દેશી/વિદેશીદારુનો અપીલ પીરીયડ બાદ ધોરણસર નાશ કરવો. વધુમાં આ કામે જો મુદ્દામાલ વાહન કબ્જે કરવામાં આવેલ હોય તો વાહનના માલિકની ખરાઈ કરી મુળ માલિકને વાહન પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૦૯** મી માહે **ડીસેમ્બર** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૦૯/૧૨/૨૦૨૩.

સુરત.

(વિષ્ણુ ડી. દવે )
આઠમાં એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
જજ કોડ નં. જીજે ૦૧૬૪૬,
સુરત.